# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 08-01-2026 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## સાગર કવચ કવાયત સંપન્ન

**સમગ્ર દરિયાઈ વિસ્તારની સુરક્ષાને ધ્યાને રાખી ક્રિક વિસ્તારથી લઈને કંડલા સુધી યોજાયેલી 'સાગર કવચ' કવાયત સંપન્ન થઇ છે.**

**વર્ષમાં બે વાર યોજાતી આ કવાયત અંતર્ગત લખપત તાલુકાના ક્રિક વિસ્તારથી લઈને કંડલા સુધીના અરબ સાગરમાં સુરક્ષા એજન્સીઓએ ચુસ્ત તાલમેલ સાથે સુરક્ષાનું કવચ પૂરું પાડ્યું હતું.**

**હાલ દરિયાઈ પટ્ટી પર ભારે ઠંડીનું મોજું ફરી વળ્યું છે, તેમ છતાં તમામ સુરક્ષા એજન્સીઓ પૂરતા જુસ્સા સાથે કાર્યરત જોવા મળી હતી. દરિયામાં સતત બોટોના પેટ્રોલિંગ સાથે શંકાસ્પદ બોટોની તલાશી લેવામાં આવી હતી. આ ઉપરાંત, જમીન માર્ગો પર પણ વાહન ચેકિંગની કડક કામગીરી હાથ ધરાઈ હતી.**

**-----------------------------------------------------------------------------------**

## સાંસદ સાથે સંવાદ – ભુજ ચેમ્બર ઓફ કોમર્સ ઇન્ડસ્ટ્રીઝ

**ભુજ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ દ્વારા યોજાયેલી બેઠકમાં આગામી કેન્દ્રીય અંદાજપત્ર પૂર્વે કચ્છની સમસ્યાઓ વિશે મંથન કરાયું હતું. જેમાં સાંસદ વિનોદ ચાવડાએ આગામી બજેટમા ગ્રાઉન્ડ લેવલની વાસ્તવિકતા અને સમસ્યાનો સમાવેશ કરવા માટે આ સંવાદ યોજાયો છે અને બેઠકમાં આવેલા સૂચનોને સબંધિત મંત્રાલયો સમક્ષ રજૂ કરાશે તેમ જણાવ્યું હતું.**

બેઠકમાં વિવિધ ઉદ્યોગકારો અને વ્યવસાયિકો દ્વારા કચ્છમાં મોટા ઉદ્યોગોની જેમ નાના કે મધ્યમ ઉદ્યોગકારોને પણ જમીન ફ્રી કે ટોકન ભાવે આપવા, સોનાચાંદી વ્યવસાયમાં જીએસટી ૩ ટકાથી ઘટાડી **1** ટકા કરવા, આગામી બજેટમાં ઇન્ટરનેશનલ એરપોર્ટ અને કાર્ગોની સુવિધા આપવા, ગાધીધામથી ઉપડતી લાંબા રૂટની ટ્રેનો ભુજ સુધી લંબાવવા, પેટ્રોલ-ડીઝલને જીએસટીમા સમાવવા, સહિતની રજુઆતો કરવામાં આવી હતી.

આ ઉપરાંત, પશુધન માટે એનિમલ યુનિવર્સિટી, કેસર કેરી, દાડમ, ખારેકની આંતરરાષ્ટ્રીય બજાર, જેવા અલગ અલગ ઉત્સવો ઉજવવા તેમજ ખેતી માટે નર્મદાના પાણીમાં વધારો કરવાની માંગ કરાઇ હતી.

-----------------------------------------------------------------------------------------

## <u>ચિત્રોડ- રાપર – બાલાસર રોડ રિપેરિંગ</u>

રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ–ગાંધીધામ હસ્તકના ચિત્રોડ-રાપર-બાલાસર રોડના રિપેરીંગની કામગીરી નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કરવામાં આવી છે. આ રોડને ગત સપ્ટેમ્બરમાં પડેલા અતિભારે વરસાદને લીધે નુકશાન પહોંચ્યું હતું.

આ ઉપરાંત, ધોરડો ખાતે ચાલી રહેલા 'રણોત્સવ' તેમજ વર્લ્ડ હેરીટેજ સાઈટ 'ધોળાવીરા' અને 'રોડ ટુ હેવન'ને જોડતા કાઢવાંઢથી ધોળાવીરા માર્ગનું ગુણવત્તાયુક્ત મટીરીયલ અને જરૂરી મશીનરીનો ઉપયોગ કરીને મજબૂતિકરણ અને રિસરફેસનું કામ પૂરજોશમાં કરવામાં આવી રહ્યું છે. કચ્છમાં આવનાર પર્યટકોને ધ્યાને રાખીને આ રોડને વધુ સુગમ અને સલામત બનાવવાની કામગીરી ઝડપભેર ચાલી રહી છે.

આ સાથે બાલાસરથી મૌવાણા રોડના રિસરફેસનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે તેમ ગાંધીધામ નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા જણાવાયું છે.

-----------------------------------------------------------------------------------------

## <u>ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા ખાણી-પીણીના લારી-ગલ્લાની તપાસણી</u>

કચ્છની રાજ્યના અમદાવાદ, વડોદરા, રાજકોટ સહિતના શહેરોમાં વધી રહેલા પાણીજન્ય રોગના કિસ્સાઓ પગલે પાણીના નમૂના લેવાની, લોકોની સ્વાસ્થ્ય પર ખરાબ અસર ન થાય તે માટે ખાણીપીણીના ધંધાર્થીઓને ત્યાં તપાસ કાર્યવાહી સઘન બનાવાઇ છે ત્યારે ગાંધીધામ મહા નગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં ખાસ કરીને ઝુપડપટ્ટી વિસ્તારની શાળાઓ આસપાસ તેમજ શહેરના મુખ્ય માર્ગો પર ઊભા રહેતા ખાણીપીણીની 75 જેટલી લારી-ગલ્લાઓ પર ચકાસણી કરવામાં આવી હતી. આ તપાસ દરમિયાન વાસી અને બિન આરોગ્યપ્રદ હાલતમાં મળી આવેલો અંદાજીત 30 કિલો અખાદ્ય ખોરાકનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઝુંબેશને આગામી દિવસોમાં પણ સતત ચાલુ જ રખાશે તેવું જણાવાયું હતું.

---------------------------------------------------------------------------------------------

## કાઉચસર્ફિંગ – નમસ્તે કચ્છ ઇન્વેઝન

વૈશ્વિક પ્રવાસ સમુદાય 'કાઉચસર્ફિંગ' દ્વારા કચ્છમાં એક અનોખા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. 'નમસ્તે કચ્છ ઇન્વેઝન' નામના આ કાર્યક્રમમાં ભારતભરમાંથી અને દરિયાપારના વિવિધ ખંડોમાંથી મળી કુલ 113 પ્રવાસીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

3 દિવસ અને 2 રાત્રિના આ કાર્યક્રમમાં પ્રવાસીઓએ કચ્છની સંસ્કૃતિ અને પ્રાકૃતિક સૌંદર્યને નજીકથી માણ્યું હતું. પ્રવાસીઓએ ભુજ ઉપરાંત, ધોરડો ખાતેના પ્રખ્યાત 'રણ ઉત્સવ', સફેદ રણની અદ્ભુત સુંદરતા નિહાળી હતી તેમજ ધોળાવીરાના પ્રાચીન ઉત્ખનન સ્થળો અને હાલમાં પ્રવાસીઓમાં લોકપ્રિય બનેલો રોડ ટુ હેવન ની મુલાકાત લીધી હતી. આ સમૂહે પ્રવાસની સાથે સ્થાનિક લોકો સાથે સંવાદ સાધીને કચ્છના પ્રવાસનને વૈશ્વિક સ્તરે એક નવી ઓળખ આપવાનો પ્રયાસ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, કાઉચસર્ફિંગ એ વિશ્વભરના પ્રવાસીઓનો એક એવો સમુદાય છે જ્યાં લોકો એકબીજાને પોતાના ઘરે મફત અને સ્વૈચ્છિક રીતે ઉતારો આપીને મદદ કરે છે.

---

## હવામાન

છેલ્લા 5 દિવસથી કચ્છમાં શિયાળાનું રૌદ્ર સ્વરૂપ જોવા મળી રહ્યો છે, સાંજથી સવાર સુધી તો કાતિલ ઠંડી અનુભવાઈ રહી જ છે, સાથે દિવસે પણ ઠંડીનો માર યથવાત છે. નલિયામાં સતત પાંચમાં દિવસે લઘુતમ ઉષ્ણાતામાન એક આંકમાં નોંધાયું હતું. આજે નલિયામાં 9 ડિગ્રી લઘુતમ ઉષ્ણાતામાન રહ્યું હતું. જયારે જીલ્લા મથક ભુજમાં ૧૨ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

ઠારની ધાર યથાવત્ રહેતા જીલ્લામાં જન જીવન પર પ્રભાવ જોવા મળી રહ્યો છે. સવારે શાળાએ જતા વિદ્યાર્થીઓ તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતા છાત્રોમાં ફેલાયેલો ટાઢનો પ્રભાવ દેખાઈ રહ્યો છે.

ઉત્તર-પૂર્વ દિશાએ ફૂંકતા પવનની સીધી અસર કચ્છમાં વર્તાઈ રહી છે. આગામી 5 દિવસ સુધી તાપમાનમાં મોટો ફેરફાર થવાની શક્યતા નહિવત છે. હવામાન વિભાગના અંદાજ મુજબ આગામી 15 જાન્યુઆરી સુધી રાજ્યમાં ઠંડીનું જોર રહેશે.

---